सा विद्या या विमुक्तये

# શારદ

વાર્ષિક અંક, માર્ચ ૨૦૧૫ – વર્ષ ૩૩, અંક ૫



**પ્રેમની અભિલાષા**


રાશિ ગુર્જર(ધો.૯)નું ચિત્ર



તા.૨૮-૬-૪ના રોજ, શાળાના સ્થાપનાદિનની ઉજવણી કરવામાં આવી. બાલરથનું પૂજન કરવામાં આવ્યું. બાળકોએ ખૂબ ઉત્સાહભેર ભાગ લીધો. શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થિની સેજલબહેને બાલરથીનું પૂજન કર્યું હતું.



એકલવ્ય એજ્યુકેશન ફાઉન્ડેશન દ્વારા સન્માન કાર્યક્રમ



પોલીસહાર્ઈ કાર્યક્રમ (સેલ્ફ ડિફેન્સ કાર્યક્રમ)માં બાળકોની સમજાવી રહેલા મીનાબહેન શાહ



શાળાને મળેલી પોલીસહાર્ઈ શિલ્ડ

सा विद्या या विमुक्तये

# શારદ

શારદામંદિર, અમદાવાદ

**વાર્ષિક અંક**
માર્ચ ૨૦૧૫
વર્ષ ૩૩, અંક ૫



ભણતર સાથે ઘડતર

## પ્રસ્તાવના

*'સોટી વાગે ચમ ચમ.. વિદ્યા આવે ઝમ ઝમ...'* ૧૯૨૦-૩૦ના કાળમાં અંગ્રેજો પાસેથી અપનાવાયેલી આ શિક્ષણ પધ્ધતિ પ્રચલિત હતી. બાળકની વિચારશક્તિના વિકાસની જગ્યાએ તેને હકુમતના હુકમને તાબેદાર થઇ, અંગ્રેજી વહીવટી તંત્રને ઉપયોગમાં આવે, તેવી કઠપૂતળી બનાવવા માટે આ પધ્ધતિ સર્જવામાં આવી હતી.

ડો. મારિયા મોન્ટેસોરીએ સૂચવેલી મોન્ટેસોરી પધ્ધતિ, કે જેમાં બાળકનો સર્વાંગી વિકાસ મધ્યબિંદુ હોય, તે અપનાવીને આદ્યસ્થાપકો પૂ. ભોગીભાઈ ઠાકર, પૂ. સવિતાબેન ત્રિવેદી અને પૂ. આચાર્ય ચંદુભાઈ દવે વડે ૧૯૨૪માં માટીના એક નાના મકાનમાં પાંચ બાળકો સાથે શ્રાવણ સુદ સાતમને દિવસે વરસતા વરસાદમાં શારદામંદિરની સ્થાપના થઇ.

બાલમંદિર અને પ્રાથમિક ધોરણોથી લઇને વર્ગોમાં ઉત્તરોત્તર વૃધ્ધિ થઇ. આખરે ૧૯૫૫માં S.S.C.ની પ્રથમ બેચ ૧૦૦ ટકા પરિણામ સાથે ઉત્તીર્ણ થઇ. શારદામંદિરનું સુકાન પૂ.આચાર્યશ્રી વજુભાઈ દવેના હાથમાં હતું. કેવળ પુસ્તકિયા જ્ઞાનની જગ્યાએ ભણતર સાથે ઘડતરનો ખૂબ જ સુંદર સમન્વય થયો. અનેક પ્રકારની ઈતર પ્રવૃત્તિ, જેવી કે પ્રાત:પ્રાર્થના, પ્રવાસો, નાટકો, નૃત્ય, સંગીત, કાંતણ, સીવણ, વડે બાળકોનો સર્વાંગી વિકાસ થયો. પૂ.વજુભાઈ અને સર્વ શિક્ષકગણ બાળકોની પ્રગતિ માટે પૂર્ણ રૂપે સમર્પિત રહ્યા. આપણે જીવનમાં ક્યારેય પાછા ન પડીએ, તેવી રીતે આપણું ઘડતર થયું.

આજકાલ કંઈ કેટલાય દેવ-દેવીઓ અને માતાજીઓનું પૂજન થાય છે. તેમનાં સ્થાનક બને છે. પણ 'મુશ્કેલી'ને માતા બનાવી, મુશ્કેલી માત કી જય... બોલાવવાનું આપણે કેવળ શારદામંદિરમાં શીખ્યા.

*નવા શૈક્ષણિક સત્રની શરૂઆત:*




*તા.૮-૬-૨૦૧૫, સોમવારથી.*

### 'શારદ'નું નવીનીકરણ

*આપણે સહુ -*
*વિદ્યાર્થીમિત્રો, વાલીગણ, શિક્ષકગણ અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, આપણા શારદામંદિરની પ્રગતિમાં સહભાગી બનીએ....*

### આ અંકમાં

૧ પ્રસ્તાવના
૨ ઝીણી આંખે ઝાઝું જોનારા
૩ વિદ્યાર્થીઓ, વાલીઓના માર્ગદર્શક
૪ બાળક આપણું સાચું ધન
૫ અગત્યની સૂચનાઓ
૬ પ્રવૃત્તિઓ : વર્ષ ૨૦૧૪ - ૨૦૧૫
૭ વાર્ષિક આયોજન: વર્ષ ૨૦૧૫-૧૬
૮ શારદના તારલા: ફોટો વિભાગ
૯ શ્રદ્ધાંજલિ

પૂ. વજુભાઈએ આપેલા ગુરુમંત્રો,

મુશ્કેલી માત કી ... જય..

સારા કામ કરીશું ક્યારે ... આજ, આજ, ભાઈ, અત્યારે..

અને

મગજ ... ઠંડુ, જીભ ... સાચી, મીઠી, મસ્તક ... ઉન્નત !

આ મંત્રો ખરેખર તો જીવનમંત્રો ગણાય. ફિલસૂફીના થોથામાં ફાંફાં મારવાને બદલે રોજ સવારે આ નાના એવા મંત્રો યાદ કરીને આચરીએ, તો ક્યારેય પાછા ન પડીએ અને સદા સુખી રહીએ.

પૂ. વજુભાઈની નિવૃત્તિ પછી ૧૯૬૬થી આજ સુધી પૂ. શ્રી દિનુભાઈ દવેએ શારદામંદિરનું સુકાન સંભાળ્યું. કાળ બદલાતો ચાલ્યો. નવી નવી ટેકનોલોજીને અપનાવીને શાળાના શિક્ષણ સાથે સુંદર રીતે વણી લેવાનું કામ પૂ. દિનુભાઈએ ઉપાડ્યું. ઈતર પ્રવૃત્તિઓમાં ટેકનોલોજીસભર – ફોટોગ્રાફી, ઈલેક્ટ્રોનિક્સ અને કમ્પ્યૂટર પ્રોગ્રામિંગ જેવી પ્રવૃત્તિઓ પણ સફળતાપૂર્વક ઉમેરાઈ.

કાળ કપરો હતો. શિક્ષણ ક્ષેત્રે સરકારી હસ્તક્ષેપ વધ્યો. પાડાને વાંકે પખાલી દંડાય, તેમ સારી શાળાઓનું શૈક્ષણિક સ્વાતંત્ર્ય છીનવાઈ ગયું. સારા શિક્ષકવર્ગ માટે કોઈ ખાસ પ્રોત્સાહન ન રહ્યું. આવા સમયમાં પણ પૂ. દિનુભાઈએ હિંમત હાર્યા વગર, સહુનો સંગાથ રાખીને કુનેહપૂર્વક આપણી શાળાનું સંચાલન કર્યું. કદીક મધદરિયાના ઝંઝાવાત તો કદીક રેતીમાં નાવ ચલાવવાના પ્રસંગો આવ્યા. તે દરેકનો અડગ રીતે સામનો કરીને એક ઉદાહરણ પૂરું પાડે તેવી રીતે, કેવળ શાળાનું હિત ધ્યાનમાં રાખીને શારદામંદિરને આગળ ધપાવ્યું.

સમયની માંગને સમજીને અંગ્રેજી માધ્યમની 'Shardamandir Modern School'ની સ્થાપના કરી, અને મોડર્ન સ્કૂલનું બારમા ધોરણ સુધી સફળતાપૂર્વક સંચાલન કર્યું. આ એક મોટી સિદ્ધિ ગણાય.

વિદ્યાર્થીઓની પ્રવૃત્તિને વાચા મળે, અને શાળા, શિક્ષકો, વાલીઓ અને બાળકો વચ્ચે એક સેતુ બની રહે તેની તાતી જરૂરિયાત હતી. પૂ. દિનુભાઈએ આ કાર્ય માટે એક સ્કૂલ મેગેઝીન, 'શારદ'ની શરૂઆત કરી. શાળાના કો-ઓર્ડિનેટર ડો. ઉર્મિલાબહેન શાહે 'શારદ'માં બાળકોની પ્રવૃત્તિઓને ખૂબ પ્રોત્સાહન પ્રદાન કર્યું.

મુ. ઊર્મિલાબહેને શાળાની ઈતર પ્રવૃત્તિઓને નવો વેગ આપ્યો. નૃત્ય, સંગીત, ગરબા, નાટિકા, અને બીજી પણ અનેકવિધ સ્પર્ધાઓ યોજીને બાળકોને પ્રવૃત્તમય રાખવામાં એમનો મોટો ફાળો રહ્યો. આ ઉપરાંત કથળતા જતા સામાજિક વાતાવરણમાં વાલીઓ અને વિદ્યાર્થીઓને 'શારદ' દ્વારા સચોટ માર્ગદર્શન આપ્યું. આ બન્ને વડીલો ઉંમરના કારણે નિવૃત્ત થયા છે. હવે તેમણે કરેલી પ્રગતિને વધુ વેગ આપવાનું કાર્ય આપણા સૌને હસ્તક આવ્યું છે.

The only thing constant in this world, is 'Change.'

બદલાતા સમયના વહેણ સાથે આપણે પણ ઉન્નત મસ્તકે આગળ ધપવું જોઈએ. અત્યારના 'જેટ'યુગમાં દરેક પાસે સમયનો અભાવ હોય છે. 'રાત થોડી અને વેશ ઝાઝા' જેવી પરિસ્થિતિ અવિરત ચાલુ હોય છે.

તેવા સમયે આપણે કરેલા સુંદર કાર્યોને લોકો સુધી પહોંચાડવા, અને એમાં એમનો રસ જાગૃત કરવાના હેતુથી 'શારદ'નું થોડું નવીનીકરણ કર્યું છે. શારદમાં વિદ્યાર્થીઓની પ્રવૃત્તિનો વિગતવાર સચિત્ર ચિતાર આપીને વાલીઓ અને બાળકોનો ઉત્સાહ વધે, અને પ્રવૃત્તિઓને વધુ વેગ મળે એવી આશા રાખું છું. આ વાર્ષિક અંક આપની સમક્ષ સહર્ષ રજૂ કરીએ છીએ. આશા રાખું કે તે સહુને ગમે. શાળાનાં વિદ્યાર્થીમિત્રો અને શિક્ષકગણ 'શારદ'માં પોતાનાં વિચારો, કવિતાઓ, પ્રવૃત્તિઓ, લેખો, ઉખાણા, ટુચકાનો ફાળો આપીને એને રસપ્રદ અને ઉત્કૃષ્ટ બનાવે, તેવી આશા રાખું છું.

શારદામંદિરની ધરતીમાં એવા કોઈ સત્ત્વનું બીજારોપણ થયું છે, કે જે હાલનાં ઉપરાંત અમારા જેવા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને પણ તેની તરફ ખેંચી લાવે છે. જેમ ઈશ્વરને આપણે જોયો નથી પણ સર્વત્ર તેનો ભાસ થાય છે, તેવી જ રીતે શારદામંદિરને યાદ કરતાં, એક અનેરી મમતાનો આભાસ થાય છે.

નહિ કોઈ ડોળ-દેખાવ, નહિ કોઈ ભેદભાવ, સર્વે સામાન્ય અને સર્વે સમાન. સ્પર્ધાઓ ખરી, પણ ખેલદિલી સાથે. બાળક પોતાની સુષુપ્ત શક્તિઓને ખીલવી શકે, પણ કોઈના ભોગે નહિ. શિસ્તપાલન બળજબરીને બદલે સ્વયંભૂ સમજપૂર્વક થાય. આવું અમૂલ્ય ઘડતર શારદામંદિરમાં થયું. આપણે સહુ જીવનપર્યંત એના ઋણી છીએ. કેપિટાલિઝમ, કોમ્યુનિઝમ, સોશિયાલિઝમને બદલે 'શારદામંદિરિઝમ' અપનાવામાં આવે, તો કદાચ ઘણાં પ્રશ્નોનો ઉકેલ આવી જાય.

આવો, આપણે સહુ – વિદ્યાર્થીમિત્રો, વાલીગણ, શિક્ષકગણ અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, આપણા શારદામંદિરની પ્રગતિમાં સહભાગી બનીએ.

કહેવાનું મન થાય છે કે –

ઓલ્યા આવે છે શારદાનાં સાદ રે!

.. હાલો ભેરુ રમવા, શારદાને આંગણે..

*ઉદયન શાહ*

*(મંત્રી, શારદામંદિર ટ્રસ્ટ)*

# ઝીણી આંખે ઝાઝું જોનારા – શ્રી દિનુભાઈ દવે

એક એવું નામ, જેને બાળકના હિતની, સર્વાંગી વિકાસની અને દેશના ભવિષ્યની ચિંતા છે; એ શારદામંદિર, અમદાવાદની – ગુજરાતની – દેશની પ્રયોગશીલ શિક્ષણ પ્રણાલી ધરાવતી ધરોહર સમાન સંસ્થા છે. સમયાંતરે શારદામંદિરના દરેક વિભાગને કુશળ હાથ વડે ઘડનાર પ્રાપ્ત થયા છે. ગાંધીજીએ અને મેડમ મોન્ટસરીએ શારદામંદિરની પાવન ભૂમિ પર પુનિત પગલાં પાડી તેને વધુ બળવત્તર બનાવી છે. શારદામંદિર શાળાના નામમાં જે 'મંદિર' શબ્દ આવે છે એટલે કે અહીં શિક્ષણને પૂજા અને ભક્તિનો દરજ્જો અપાય છે. આવો દરજ્જો કોઈ શાળાને એમ ને એમ નથી અપાતો, એની પાછળ શ્રમ લેનાર મહારથીઓમાંના એક, તે આપણા શ્રી દિનુભાઈ દવે.

અલબત્ત, વયમર્યાદા અને શારીરિક તકલીફોને કારણે શ્રી દિનુભાઈ પ્રત્યક્ષ રીતે શાળામાં અને મિટીંગોમાં ઉપસ્થિત ભલે ન રહી શકતા હોય પરંતુ તેમનું મહામૂલું માર્ગદર્શન આજે પણ સાંપડી રહ્યું છે. શ્રી દિનુભાઈએ કુલ ૬૫ વર્ષ શિક્ષણ ક્ષેત્રમાં સમર્પણભાવે ચપટી વગાડતામાં જ પસાર કરી નાખ્યા, જેમાંના ૬૦ વર્ષની મજલ તો તેમણે શારદામંદિરમાં જ કાપી, એ શારદામંદિર પરિવાર માટે એક જણસ સમાન છે. શિક્ષક તરીકે, આચાર્ય તરીકે, ટ્રસ્ટી તરીકે અને નિયામક તરીકે શ્રી દિનુભાઈએ શારદામંદિર સાથે અનેરો નાતો જોડ્યો. એમની મહેનત, ધગશ, સૂક્ષ્મ નિરીક્ષણશક્તિ અને જૈફ વયે કમ્પ્યૂટરને સહજતાથી પોતાના હાથમાં રમકડાંની જેમ રમાડ્યાં. પોતાની આંખમાં વિસ્મય સદાય અંજાયેલું જ રહેતું, તેથી તેઓ બાળકની કૂતુહલવૃત્તિને સહજતાથી સમજી શકતા. બાલરથ, બાલપૂજન અને સંસ્થાના મુખપત્ર 'શારદ' સહિત દરેક પળે અને સ્થળે એમનું દૂરંદેશીપણું છલકાતું.

શ્રી દિનુભાઈએ હકારાત્મક અભિગમ કેળવી પોતાના અને શાળાના જીવનને ઘડી, એક ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું. એમના નિખાલસ અને સ્પષ્ટ દૃષ્ટિકોણવાળા સ્વભાવને કારણે જ શારદામંદિરની તૈયાર પૃષ્ઠભૂમિકાના પાયાના પથ્થરોને તેઓ સ્મરતા અને અનુસરતા રહ્યા. અને એમ ઘડાઈ એમની વહીવટી કુશળતા. એક શિક્ષક તરીકે તેઓ વર્ગમાં વિદ્યાર્થીઓ સાથે બાળક બની જાણે કે હાથમાં ચોકસ્ટીકને રમાડતા અને રમત રમતમાં કાળા પાટિયા ઉપર ગણિત અને વિજ્ઞાન જેવા કહેવાતા અઘરા વિષયોના કોયડાઓનો, સરળ યુક્તિ વડે ઉકેલ લાવી દેતા. ગણિત અને વિજ્ઞાન સાથે ભાષા અને સાહિત્યનો સુમેળ બહુ જ ઓછા લોકોમાં હોય છે, જે એમને લભ્ય છે. એમના લેખોમાં પણ સાહિત્યાભિમુખ વલણ છલકાય. પ્રવાસ, સાહસ અને એના



૨૯ જુલાઈ ૧૯૩૩, શ્રાવણ સુદ સાતમના રોજ, શારદામંદિરના દસમા સ્થાપનાદિને પૂ.બાપુએ બાળકોને સંબોધન કર્યું.

દસ્તાવેજીકરણમાં એમનું કૌશલ્ય ભારતભરના અને વિશ્વના અનેક દેશોના ભ્રમણમાં ડોકાયું. કલા અને સંસ્કૃતિમાં ઊંડો રસ ધરાવતા શ્રી દિનુભાઈએ શાળા સંચાલક મંડળ, કોમ્યુનીટી સાયન્સ સેન્ટર અને રોટરી ક્લબ જેવી સંસ્થાઓમાં ગંભીરતાથી બખૂબી ફરજ નિભાવી. તો, બાળકો માટે બાળગીતોની કેસેટ્સનું નિર્માણ પણ કર્યું.

જાફરાબાદ જેવી સૌરાષ્ટ્રની અંતરિયાળ ભૂમિમાં પાંગરેલી એમની વિચક્ષણ બુદ્ધિનો તાલમેલ કુદરતી સૌંદર્ય સાથે હતો જ અને તેથી જ તો વળી, વન્યજીવનમાં પણ એમનો જીવ લાગેલો રહેતો, પણ શહેરીકરણને સ્વીકારી એ ચોખ્ખો ભેદ તેમણે ખૂબ સરળતાથી સ્વીકાર્યો અને સ્કૂટર તથા કાર જેવા વાહનો સહજતાથી ચલાવ્યા. આટલી બધી જવાબદારીઓ અને જફા હોવા છતાં એમનો પાકશાસ્ત્રનો શોખ યથાવત રહ્યો. વિજ્ઞાનની જેમ એમાં પણ પ્રયોગ! અને પરિણામ – સ્વાદિષ્ટ! અરે હા, રેડિયો, ટી.વી. અને પ્રવચનોની શ્રેણી તો ખરી જ. વ્યાયામ, શિસ્ત વગેરે વિષયો માટે એમને ભારે પક્ષપાત.

જેમની રગેરગમાં શિક્ષણ વહે છે, તેવા શ્રી દિનુભાઈને નવા યુગની નવી શિક્ષણ તરાહોમાં ઘણી ખોટ દેખાય છે. જીવન સાથેના શિક્ષણના નાતામાં સાતત્યની ખામી તેમને વરતાય છે પરંતુ પોતાના જીવનકર્મથી ખૂબ સંતુષ્ટ છે. તેમને શહેર નગર શિક્ષણ સમિતિનો એવોર્ડ અને ગુજરાત સંસ્કૃત પરિષદનો શૈક્ષણિક એવોર્ડ પ્રાપ્ત થયા છે. એકલવ્ય ફાઉન્ડેશને પણ એમને લાઈફટાઈમ એચિવમેન્ટ એવોર્ડ આપી નવાજ્યા છે.

શારદામંદિરના દરેક વિભાગ અને પ્રભાગને શ્રી દિનુભાઈનું કુનેહભર્યું છત્ર પ્રાપ્ત થયું છે. આજે પણ એમની ઓફિસ અને એમની ખુરશી જાણે કે જીવંત થઈને કંઈક કહે છે. અંતે એક વાત તો કહેવી જ પડે. ગુજરાતની શાળાઓના સંચાલકોની બેઠકમાં નોંધાયેલું કે આચાર્યના નામથી ઓળખાતી જૂજ શાળાઓમાં શારદામંદિરનું નામ લેવું પડે કારણ કે તે શ્રી દિનુભાઈ દવેના નામના પર્યાય સમાન છે.

તો, આ છે એમની વિશેષતા! સૌના મિત્ર એવા શ્રી દિનુભાઈને નિરામય સ્વાસ્થ્ય મળે, એ માટે પ્રભુને પ્રાર્થના.

## વિદ્યાર્થીઓ અને વાલીઓના માર્ગદર્શક – ડૉ.ઊર્મિલાબહેન શાહ

આઈ.આઈ.એમ.ના પ્રોફેસર, ડૉ.પુલિન ગર્ગના માર્ગદર્શન હેઠળ 'શિક્ષિત સ્ત્રીઓનો ગૃહિણી તરીકેનો રોલ' મહાનિબંધ લખી, ડૉક્ટરેટ મેળવનાર ડૉ.ઊર્મિલાબહેન શાહ, શારદામંદિરમાં ૧૯૮૩ના ઓગસ્ટથી ૨૦૧૪ના ઓગસ્ટ સુધી કો–ઓર્ડિનેટરના પદ પર સક્રિય રહ્યાં. એકત્રીસ વર્ષના આ ગાળા દરમ્યાન તેઓ ઊર્મિલાબહેનના નામે જાણીતાં થયાં. કો–ઓર્ડિનેટરના કાર્યક્ષેત્રને યોગ્ય ન્યાય મળે, એ માટે તેમણે અન્ય શાળાઓમાં તપાસ કરી અને શારદામંદિરના દરેક વિભાગના – ખાસ કરીને પૂર્વ પ્રાથમિક અને પ્રાથમિક વિભાગના બાળકોની ગતિવિધિઓ પર ધ્યાન કેન્દ્રિત કર્યું. ફિલોસોફી અને મનોવિજ્ઞાનનો તેમનો અભ્યાસ અહીં તેમને કામ લાગ્યો અને એ દૃષ્ટિકોણથી બાળકો, વાલીઓ તેમજ શિક્ષકો સાથે એમણે સહસંવાદ પ્રસ્થાપિત કર્યો. નિયામક શ્રી દિનુભાઈ દવેનો ટેકો મળવાથી ઊર્મિબહેને બાળકો માટે ઈતર પ્રવૃત્તિઓ અને પુસ્તકાલયની સમૃદ્ધિ ઉપર પણ ધ્યાન કેન્દ્રિત કર્યું. શાળાના સામયિક 'શારદ'ને તેમણે બધાંય વર્ષો દરમ્યાન સુપેરે સાચવ્યું.

ઊર્મિબહેને શારદામંદિરમાં જોડાતા પહેલાં શિક્ષણ ક્ષેત્રમાંથી અઢાર વર્ષનો ક્ષેત્ર સંન્યાસ લીધો હતો. કારણ વજૂદવાળું હતું અને તેમના ડૉક્ટરેટના વિષયને અનુરૂપ હતું. ગૃહિણી અને બે બાળકોનાં માતા તરીકેની ફરજના એક ભાગરૂપે તેમણે અગાઉની એમની બી.ડી. આર્ટસ કૉલેજની નોકરી સહેલાઈથી છોડી દીધી હતી. આમ તો પહેલાં અમેરિકા અને ગુજરાત કોલેજમાં મળેલી તકને પણ તેમણે અવગણી હતી. એ બતાવે છે કે ઊર્મિબહેન ચોક્કસ હેતુથી ચોક્કસ કાર્ય અને ફરજ બજાવવાના મતના છે. દરમ્યાન પારિવારિક વ્યવસાયમાં રસ લઈ કાપડ અને ડિઝાઈનના વિશ્વમાં એમણે કાઢું કાઢ્યું. આમ,






તેમના રસ-રૂચિના ક્ષેત્રો વિસ્તર્યા. રેડિયો અને ટેલિવિઝનમાં અભિનય, પ્રવચનમાં તેઓ વર્ષો સુધી પ્રવૃત્ત રહ્યાં. આ બધા અનુભવો તેમને વિદ્યાર્થીઓના મનને અને વિકાસને સમજવા માટે ઉપયોગમાં આવ્યા. મનોવૈજ્ઞાનિક પદ્ધતિથી કાઉન્સેલિંગનો એમનો બહોળો અનુભવ અહીં વધુ ખીલ્યો.

ઉપરોક્ત પૃષ્ઠભૂમિકા ઉપરાંત તેમની લેખનપ્રવૃત્તિ શારદામંદિરમાં ચાલુ રહી – કદાચ પાંગરી, સમાચારપત્રોમાં કોલમ, 'અચલા' જેવા શૈક્ષણિક સામયિકમાં નિયમિત કટાર, ટી. વી. શ્રેણી માટે લેખન, આદિ પ્રવૃત્તિને કારણે તેમનો દૃષ્ટિકોણ વધુ સમાજોપયોગી થવા તરફ કેળવાયો. ઊર્મિબહેનના મતે યુવા માતા-પિતા અને બાળકોનો ટી.વી. અને સિનેમા તરફનો વધુ પડતો ઝોક તેમના વિકાસને રૂંધનારો છે એટલે વિદ્યાર્થીઓને વક્તૃત્વ સ્પર્ધા, નૃત્ય અને સંગીત તરફ વાળવાના કાર્યમાં તેઓ સક્રિય રહ્યાં.

> "સમયની માગને અનુરૂપ શારદામંદિરમાં અંગ્રેજી માધ્યમ શરૂ કરવામાં આવ્યું, પરંતુ માતૃભાષા ગુજરાતીને અગ્રતા ક્રમ આપવામાં અને અપાવવામાં ઊર્મિબહેને કમર કસી. ગુજરાતી ભાષાના વિકાસ અને સંરક્ષણ માટે રચનાત્મક પ્રયોગો કર્યાં."

સમયની માગને અનુરૂપ શારદામંદિરમાં અંગ્રેજી માધ્યમ શરૂ કરવામાં આવ્યું પરંતુ માતૃભાષા ગુજરાતીને અગ્રતા ક્રમ આપવામાં અને અપાવવામાં ઊર્મિબહેને કમર કસી. ગુજરાતી ભાષાના વિકાસ અને સંરક્ષણ માટે રચનાત્મક પ્રયોગો કર્યાં. બાળકો અને વાલીઓને શુદ્ધ ગુજરાતી બોલવા – લખવા તરફ વાળ્યા. બધી જ રીતે, બાળકો તેમનાં હૃદયમાં કેન્દ્રસ્થાને રહ્યાં. એમનાં વીસ જેટલાં પ્રકાશનોમાં બાળકો અને વાલીઓ જ કેન્દ્રસ્થાને રહ્યાં છે.

'બાળકને સમજીએ' પુસ્તકને સાહિત્ય અકાદમીનો પુરસ્કાર પ્રાપ્ત થયો. 'માબાપ બનતાં શીખીએ' પુસ્તકને ગુજરાત સાહિત્ય અકાદમી અને ગુજરાતી સાહિત્ય પરિષદ – એમ બન્ને દ્વારા પુરસ્કાર મળ્યાં. 'સંતાનો સ્કૂલમાં અને ઘરમાં' પુસ્તકને ગુજરાતી સાહિત્ય પરિષદના બે પારિતોષિકો મળ્યા, એ એમની ઉપલબ્ધિ છે જેને માટે શારદામંદિર પરિવાર ગૌરવ અનુભવે છે.

અચલા ફાઉન્ડેશનનો સારસ્વત એવોર્ડ મેળવનાર ઊર્મિબહેનને સાહિત્યક્ષેત્રે સિદ્ધિ બદલ 'સ્વ.ભાનુબહેન પટેલ વિશિષ્ટ એવોર્ડ' પ્રાપ્ત થયો છે. આ સિવાય અનેક પારિતોષિકો અને ટ્રૉફી મેળવનાર ઊર્મિબહેનને ગત વર્ષે એકલવ્ય ફાઉન્ડેશને 'લાઈફટાઈમ એચિવમેન્ટ એવોર્ડ' આપીને નવાજ્યા છે, જે ફક્ત તેમના માટે જ નહિ પણ શારદામંદિર સંસ્થાને માટે સીમાચિહ્નરૂપ ઘટના છે કારણ કે શારદામંદિરમાં પ્રત્યક્ષ નહિ પણ પરોક્ષ રીતે એમણે વિદ્યાર્થીઓને ભણાવ્યા છે – સાચવ્યા છે. વયમર્યાદા અને સ્વાસ્થ્યને લક્ષમાં રાખી ઊર્મિબહેને ભલે શાળામાંથી વિદાય લીધી, પરંતુ લેખનકાર્ય ક્ષેત્રે તેઓ હજી પ્રવૃત્ત છે.

ઈશ્વર તેમનું સ્વાસ્થ્ય બરકરાર રાખે, એવી પ્રાર્થના.

## શાળા સ્વચ્છતા અભિયાન

ઓક્ટોબર ૨૦૧૪માં શાળા સ્વચ્છતા અભિયાનમાં આંગણું સ્વચ્છ કરી રહેલા શારદામંદિરનાં બાળકો



# બાળક આપણું સાચું ધન

'બહેન, શાળાના વાર્ષિક અંક માટે થોડું લખશો?' એવો ફોન શ્રી વિજયભાઈનો જ્યારે મારા ઉપર આવ્યો ત્યારે તેમનો પ્રસ્તાવ મેં સહર્ષ સ્વીકાર્યો. એક માતા તરીકે મારા સંતાનોના ભણતર અંગે હું હંમેશાં ચિંતિત અને સતર્ક રહી છું. તેઓના ઉચ્ચ ભણતરની સાથે ફરી બાળક બનીને જાણે મારા શૈક્ષણિક જીવનની નવી શરૂઆત થતી મેં અનુભવી છે! માતાપિતા પાસેથી જે મેં મેળવ્યું, તે મારા સંતાનોને આપવા પ્રયાસ કર્યો છે. બે પેઢીની સાક્ષી રહી છું. વૈચારિક મનોમંથન પણ મેં અનુભવ્યું છે.

પરિવર્તન એ દુનિયાનો નિયમ છે. પરિવર્તન જો વિપરીત કે પ્રતિકૂળ હોય, તો તે વિકાર બને છે પરંતુ એ જ પરિવર્તન જો અનુકૂળ બનાવવામાં આવે, તો શ્રેષ્ઠતમ સાબિત થાય છે.

મારા વ્યક્તિત્વના વિકાસમાં મારી શાળાનું આગવું પ્રદાન છે. મને એ ગર્વ પણ છે કે મારા શિક્ષણાર્થે મારા માતાપિતાએ શારદામંદિરની પસંદગી કરી. શાળા સાથેનો મારો નાતો એક શબ્દમાં કહું તો મા-દીકરીનો છે, માટે જ્યારે જ્યારે મને યાદ કરવામાં આવે છે, ત્યારે હું સહર્ષ દોટ મૂકું છું.

પૂ. દિનુભાઈનું અપાર વાત્સલ્ય અને માર્ગદર્શન, શ્રી ઊર્મિલાબહેનનો પ્રેમ અને પ્રોત્સાહન એ મારા જીવનઘડતરની યાદગાર પૂંજી છે. અમારું દરેક કાર્ય એમની પ્રેરણા હતી, અમારી સિદ્ધિ તેમની ચિંતા હતી અને અમારું હાસ્ય તેઓનો સંતોષ હતો.

છેલ્લાં ત્રણ-ચાર વર્ષથી શાળામાં અવાર નવાર આવવાનું બનતું ત્યારે વિનયમંદિરના આચાર્ય, શ્રી વિજયભાઈને મળવાનું થતું. શાળાની શૈક્ષણિક બાબતો ઉપરાંત શાળામાં થતી વિવિધ પ્રવૃત્તિઓ, વિદ્યાર્થીઓના પ્રશ્નો, તેઓની મૂંઝવણ, શાળા દ્વારા કરવામાં આવતા સકારાત્મક પ્રયત્નો... જેવી અનેક બાબતો વિષે જ્યારે અમે વિચારોનું આદાન-પ્રદાન કરતાં, ત્યારે ઊડીને મનને સ્પર્શે, તેવી એક બાબત મારા ધ્યાનમાં આવી અને તે – એ કે તેઓનો પ્રાણ શાળામય થઈ ચૂક્યો છે. શાળા અને વિદ્યાર્થીઓના વિકાસથી વિશેષ તેમને મન કશું જ નથી. બદલાતા સમયને સમજીને તેની સાથે તાલમેલ કરવાની તેમની તત્પરતા દેખાઈ આવે છે – વાતની શરૂઆતનો વિષય કોઈ પણ હોય પરંતુ અંત તો 'શાળા માટે આપણે શું કરી શકીએ?' તેનાથી જ આવે. ઘણાં સમય પછી એક સરળ, સૌમ્ય, સ્પષ્ટ અને પારદર્શક વ્યક્તિત્વનો પરિચય થયો, જે શાળા માટે આનંદ અને ગર્વની વાત છે.

વિદ્યાર્થીઓની સાથે જ્યારે તેઓ વાત કરે, ત્યારે બાળકોના ચહેરા ઉપરનાં આનંદ અને સંતોષ તેમની પ્રાથમિકતા રહે છે. આ સુમેળ જોઈને હું પ્રસન્નતા અનુભવું છું કારણ કે આજે શિક્ષણ એક વ્યવસાય બની ચૂક્યું છે. શૈક્ષણિક સંસ્થાઓ વચ્ચે ચાલતી હરિફાઈમાં સહન વિદ્યાર્થીઓ જ કરે છે. દેખાડો વધુ છે અને હાર્દ ઓછું છે. કયા માધ્યમમાં બાળકને મૂકવું, કઈ શાળામાં મૂકવું, વિવિધ બોર્ડમાંથી કઈ પસંદગી કરવી... જેવી અનેક બાબતો વાલીઓ માટે પણ પ્રશ્નાર્થ છે.

કુમળા છોડને જેમ વાળો તેમ વળે, એમ હું દઢપણે માનું છું. બાળકોમાં ઉત્તમ સંસ્કાર સિંચન જો બાળપણથી જ કરવામાં આવે... સાથે સાથે સત્યનું મહત્ત્વ, શાંતિની જરૂરિયાત, સંબંધોનું મૂલ્ય, નમ્રતાનો ગુણ, ઈશ્વર વિષેની સાચી સમજ અને આપણી અંદર રહેલા આત્માનો પરિચય... જેવી બાબતો શાળાકાળ દરમ્યાન જ વિકસાવવામાં આવે, તો બાળકોનો સર્વાંગી વિકાસ સોળે કળાએ ખીલી ઉઠે. ઈમારતની પહેલી ઈંટ જેમ મહત્ત્વની છે, તેમ શાળા એ તેમના જીવન ઈમારતની પ્રથમ ઈંટ છે.

આપણે સૌ વાલીઓએ પણ સમજવાનું છે કે આપણા વિચારોને બાળકો ઉપર લાદી દેવાથી આપણે મુક્ત થઈ જતા નથી. બાળક ઉપર રોકાણ કરવું છે કે બાળકમાં રોકાણ કરવું છે! તે આપણે નક્કી કરવું રહ્યું. બાળક ઉપર ફક્ત રોકાણ કરવા કરતાં આપણો સમય, પ્રેમ અને હૂંફ આપીને બાળકમાં રોકાણ કરીશું તો આપણી અને આપણા સંતાનો વચ્ચે એક એવા વિશ્વનું નિર્માણ થશે, જ્યાં બાળકો નિર્ભય બનીને તેમના કુમળા મનમાં સર્જાતી અનેક સમસ્યાઓની ચર્ચા આપણી સાથે કરશે. એક અતૂટ વિશ્વાસનો સેતુ બાંધવો તે આજના મોબાઇલ અને ઇન્ટરનેટ યુગમાં અત્યંત આવશ્યક છે. આજના હરિફાઈના યુગમાં, તેઓને હરિફાઈ કરતાં જરૂર શીખવવું છે પરંતુ નૈતિક મૂલ્યોના અધઃપતન સાથે તો જરા પણ નહીં.


આજકાલ શિક્ષકોનું વિદ્યાર્થીઓ પ્રત્યેનું વર્તન અને તેઓની સાથે કરાતા દુર્વ્યવહાર વિષે વાંચવામાં આવતા સમાચાર ચિંતાજનક છે. વર્તમાનપત્રોમાં આવા સમાચાર અવાર નવાર વાંચવા મળે છે, જે નિંદાને પાત્ર છે. એ શરમજનક બાબત છે. શિક્ષકની આજ્ઞાનું પાલન કરવામાં ન આવે, તો વિદ્યાર્થીઓ ઉપર થતો શારીરિક અને માનસિક ત્રાસ, નજીવી બાબત માટે થતો અમાનુષી અત્યાચાર – બાળકો કરે તો શું કરે?

શું બાળકોને જ દરેક બાબતમાં ગેરવાજબી ઠેરવવા યોગ્ય છે?

*દિપાલી વસા*
*(ભૂતપૂર્વ વિદ્યાર્થિની)*

◇◇◇◇◇◇◇◇◇

# અભિનંદન !


માનનીય મુખ્યમંત્રીશ્રી કન્યા કેળવણી નિધિ
ગુજરાત સરકાર
ગાંધીનગર
અભિનંદન પત્ર

મુખ્ય મંત્રીશ્રી કન્યા કેળવણી નિધિ અંતર્ગત, શાળાની એસ.એસ.સી - એચ.એસ.સી.ની કન્યાઓના ૧૦૦% પરિણામ બદલ શાળાને, મુખ્યમંત્રીશ્રી દ્વારા રૂ.૧૧,૦૦૦/-નો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો.

માનનીય મુખ્યમંત્રીશ્રી કન્યા કેળવણી નિધિ, ગુજરાત સરકાર, ગાંધીનગર
દ્વારા શાળાને મળેલો અભિનંદન પત્ર

આ વર્ષે ૧૪-૬-૧૪ના રોજ, રેલવે દ્વારા આયોજિત U-14 ક્રિકેટ ટુર્નામેન્ટમાં શારદામંદિર સ્કૂલે ભવ્ય પ્રદર્શન કરી 'વીર શહીદ ભગતસિંહ' કપ જીત્યો.

ગુજરાત રાજ્યમાં
માત્ર શારદામંદિરમાં જ
જુનિયર ડિવિઝન
NCC Navy
ચાલે છે.

### વર્ષાંતે શાળાની આંતરગૃહ સ્પર્ધાનું પરિણામ

| શિશુમંદિર | ગૃહ | પોઈન્ટ |
|---|---|---|
| પ્રથમ | રત્નદીપ | ૨૭૦ |
| દ્વિતીય | ધવલગિરિ | ૨૬૫ |
| તૃતીય | મેઘનાદ | ૨૫૦ |
| ચતુર્થ | ગંગોત્રી | ૨૨૦ |
| **મોડર્ન સ્કૂલ** | **ગૃહ** | **પોઈન્ટ** |
| પ્રથમ | અમલતાસ | ૨૩૦ |
| દ્વિતીય | કદમ્બ | ૨૦૦ |
| તૃતીય | પારિજાત | ૧૨૦ |
| ચતુર્થ | પલાશ | ૧૦૦ |
| **વિનયમંદિર** | **ગૃહ** | **પોઈન્ટ** |
| પ્રથમ | પદ્મપુકુર | ૧૯૮ |
| દ્વિતીય | ચંદ્રમૌલિ | ૧૪૪ |
| તૃતીય | ગીતગોવિંદ | ૧૦૩ |
| ચતુર્થ | મેઘદૂત | ૬૩ |

## કેટલીક અગત્યની સૂચનાઓ

» નવા શૈક્ષણિક વર્ષથી શાળામાં તમામ વિભાગોમાં આઈ-કાર્ડ ફરજિયાત કરવામાં આવશે.

» શાળાના શૈક્ષણિક સત્રની શરૂઆત તા. ૮-૬-૧૫ને સોમવારના રોજ સવારે ૭.૩૦ થી થશે.

» વેકેશન દરમિયાન શાળામાં ક્રિકેટ પ્રેક્ટિસ ચાલુ રહેશે.

» શારદામંદિરના બન્ને વિભાગોમાં (ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના) ધોરણ ૯ માંથી ધોરણ ૧૦માં પ્રવેશતા તમામ વિદ્યાર્થીઓ માટે ધો.૧૦, ગણિત વિષયનો અભ્યાસક્રમ સવારે ૮ થી ૯ દરમ્યાન ચાલુ રહેશે.

» શાળાની ઓફિસનો સમય વેકેશન દરમ્યાન સવારે ૮ થી ૧૧ રહેશે.

## શારદામંદિર શાળાના વિભાગો

- શારદામંદિર બાલમંદિર
- શારદામંદિર શિશુમંદિર
- શારદામંદિર વિનયમંદિર
- મોડર્ન સ્કૂલ (ઈંગ્લિશ મિડીયમ)
- મોડર્ન હાઇસ્કૂલ (ઈંગ્લિશ મિડીયમ)

# વાર્ષિક આયોજન
# વર્ષ ૨૦૧૫ – ૨૦૧૬

## શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૨૦૧૬

| | | |
|---|---|---|
| પ્રથમ સત્ર | તા.૮-૬-૨૦૧૫ થી તા.૮-૧૧-૨૦૧૫ સોમવારથી રવિવાર | કાર્ય દિવસ ૧૨૧ |
| દિવાળી વેકેશન | તા.૯-૧૧-૨૦૧૫ થી તા.૨૯-૧૧-૨૦૧૫ સોમવારથી રવિવાર | રજાના દિવસ ૨૧ |
| દ્વિતીય સત્ર | તા.૩૦-૧૧-૨૦૧૫ થી તા.૧-૫-૨૦૧૬ સોમવારથી રવિવાર | કાર્ય દિવસ ૧૨૧ |
| ઉનાળુ વેકેશન | તા.૨-૫-૨૦૧૬ થી તા.૫-૬-૨૦૧૬ સોમવારથી રવિવાર | રજાના દિવસ ૩૫ |

## વિવિધ પરીક્ષાઓની વિગત
## શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૨૦૧૬

| પરીક્ષા | ધોરણ | તારીખ* |
|---|---|---|
| પૂરક પરીક્ષા | ધોરણ ૧૦-૧૨ તમામ પ્રવાહ | તા.૦૮-૦૭-૨૦૧૫ થી તા.૧૧-૦૭-૨૦૧૫ |
| પ્રથમ કસોટી SA -૧ | ધોરણ ૯/૧૧-૧૨ સા.પ્ર. ઉ.ઉ.બુ.પ્ર., વ્ય.પ્ર., ધોરણ ૧૦ | તા.૦૫-૧૦-૨૦૧૫ થી તા.૧૪-૧૦-૨૦૧૫ |
| પ્રાયોગિક પરીક્ષા વિજ્ઞાન પ્રવાહ | ધોરણ ૧૧-૧૨ સેમેસ્ટર ૧-૩ | તા.૧૫-૧૦-૨૦૧૫ થી તા.૧૯-૧૦-૨૦૧૫ |
| સેમેસ્ટર વિજ્ઞાન પ્રવાહ સૈદ્ધાંતિક પરીક્ષા | ધોરણ ૧૧-૧૨ સેમેસ્ટર ૧-૩ | તા.૦૨-૧૧-૨૦૧૫ થી તા.૦૭-૧૧-૨૦૧૫ |
| પ્રિલિમ પરીક્ષા દ્વિતીય પરીક્ષા SA -૨/પ્રિલિમ | ધોરણ ૧૨ (સા.પ્ર.) ઉ.ઉ.બુ.પ્ર., વ્ય.પ્ર. ધોરણ ૧૧ (સા.પ્ર.) ધોરણ ૧૦ | તા.૦૧-૦૨-૨૦૧૬ થી તા.૧૦-૦૨-૨૦૧૬ |
| પ્રખરતા શોધ કસોટી | ધોરણ ૯ | તા.૧૧-૦૨-૨૦૧૬ થી તા.૧૩-૦૨-૨૦૧૬ |
| બોર્ડના વિષયની શાળા કક્ષાએ સૈદ્ધાંતિક / પ્રાયોગિક પરીક્ષા | ધોરણ ૧૦ થી ૧૨ તમામ પ્રવાહ | તા.૧૭-૦૨-૨૦૧૬ થી તા.૨૦-૦૨-૨૦૧૬ |
| પ્રાયોગિક પરીક્ષા વિજ્ઞાન પ્રવાહ | ધોરણ ૧૧-૧૨, સેમેસ્ટર-૨, ૪ | તા.૨૫-૦૨-૨૦૧૬ થી તા.૨૯-૦૨-૨૦૧૬ |
| બોર્ડની પરીક્ષા | ધોરણ ૧૦, ૧૨ (વિ.પ્ર.) સા.પ્ર., ઉ.ઉ.બુ.પ્ર., વ્ય.પ્ર. | તા.૦૮-૦૩-૨૦૧૬ થી તા.૨૨-૦૩-૨૦૧૬ |
| સેમેસ્ટર વિજ્ઞાન પ્રવાહ સૈદ્ધાંતિક પરીક્ષા | ધોરણ ૧૧ સેમેસ્ટર-૨ | તા.૨૮-૦૩-૨૦૧૬ થી તા.૦૨-૦૪-૨૦૧૬ |
| શાળાકીય વાર્ષિક પરીક્ષા | ધોરણ ૯, ધોરણ ૧૧ સા.પ્ર., ઉ.ઉ.બુ.પ્ર., વ્ય.પ્રવાહ | તા.૦૪-૦૪-૨૦૧૬ થી તા.૧૩-૦૪-૨૦૧૬ |

**સંજોગવશાત ઉપરોક્ત તારીખોમાં ફેરફાર થઈ શકે છે.*

# પ્રવૃત્તિઓ – વર્ષ ૨૦૧૪-૨૦૧૫

| માસ | વિભાગ: શિશુમંદિર | વિભાગ: વિનયમંદિર | વિભાગ: મોડર્ન સ્કૂલ | સમૂહ પ્રવૃત્તિ |
|---|---|---|---|---|
| મે-જૂન | | » વાલી મીટીંગ<br>» વેકેશન બેચ<br>» રેલવે દ્વારા આયોજિત વીર શહીદ ભગતસિંહ કપ<br>» એન.સી.સી. પરેડ | | |
| જુલાઈ | | » મહેંદી સ્પર્ધા,<br>» માર્ગદર્શક સેમીનાર-GEE/NIT/GUJCET માટે<br>» વક્તૃત્વ સ્પર્ધા<br>» ધ્યેય મેન્ટરિંગ સેમીનાર | » મહેંદી સ્પર્ધા,<br>» ધો.૬-૭ની વિદ્યાર્થિનીઓ માટે ઇન્ફોર્મેટિવ પ્રોજેક્ટર શો, ધ્યેય મેન્ટરિંગ સેમીનાર | » ગુરુપૂર્ણિમા ઉજવણી |
| ઑગસ્ટ | » નિબંધ સ્પર્ધા<br>» પારણા-પંચાજીરી સ્પર્ધા<br>» નંદાવર્ત સાથિયા હરીફાઈ<br>» ગણેશ મૂર્તિ સ્પર્ધા મહાવીર વાંચન-સ્તવન | » મુખ્યમંત્રીશ્રી કન્યા કેળવણી ફંડ તરફથી ૧૦૦% પરિણામનો પુરસ્કાર<br>» પંચાજીરી અને પારણાની હરિફાઈ<br>» રોટરી ક્લબ દ્વારા વક્તૃત્વ સ્પર્ધા | » ઇન્ટેક ઇન્ડિયા હેરિટેજ -ક્વિઝ કોમ્પિટિશન<br>» રવીન્દ્રનાથ ટાગોર તિથિ-વક્તૃત્વ,ગીતો<br>» ઈકો-ગણેશમૂર્તિ સ્પર્ધા<br>» રોટરી ક્લબ દ્વારા વક્તૃત્વ સ્પર્ધા<br>» રાખડી-સ્પર્ધા | » સ્થાપનાદિનની ઉજવણી<br>» સ્વાતંત્ર્યદિનની ઉજવણી -ધ્વજવંદન<br>» જન્માષ્ટમીની ઉજવણી<br>» લોનલી સનસેટ - માતાપિતાની કાળજી અંગે પ્રતિજ્ઞા - ફિલ્મ દ્વારા |
| સપ્ટેમ્બર | » વાલી મીટીંગ<br>» શિક્ષકગણ શક્રાયદય સ્તુતિ | » વિજ્ઞાન મેળામાં ભાગ લીધો<br>» શિક્ષકદિન -એન્વાયરમેન્ટ પ્લાસ્ટિક મેન્યુ. દ્વારા વાર્તાલાપ<br>» એલઆઈસી ઓફ ઇન્ડિયા દ્વારા ઈનામ<br>» વક્તૃત્વ સ્પર્ધા -વિજય પદ્મ વર્તુળ | » મહેંદી સ્પર્ધા,<br>» ગણિત-વિજ્ઞાન મેળામાં ભાગ લીધો<br>» શિક્ષકદિન<br>» પ્લાસ્ટિક રિસાયક્લિંગ લેક્ચર-સ્લાઇડ શો | |
| ઓક્ટોબર | » હલ્લાબોલ કાર્યક્રમ વીડિયો શો<br>» આરતી-તોરણ સ્પર્ધા<br>» રંગોળી-દિવાળી કાર્ડ સ્પર્ધા | » શાળા સ્વચ્છતા અભિયાન<br>» મુદ્રા કચ્છ ખાતે મુલાકાત<br>» સ્ટેડિયમ ખાતે ચિત્ર સ્પર્ધા | » રંગોળી સ્પર્ધા, કોડિયા ડેકોરેશન | » ગરબા કાર્યક્રમ |
| નવેમ્બર | » દૂરવર્તી શિક્ષણ અંગે વિષયવાર બાયસેગ કાર્યક્રમ | » ખેલમહાકુંભ- ફૂટબોલ કપ | » નિબંધલેખન સ્પર્ધા -ગુજરાતી અને અંગ્રેજી | » એનસીસી કેમ્પનું આયોજન |
| જાન્યુઆરી | | | | » ૩૦ જાન્યુઆરી ગાંધી નિર્વાણ દિન |

## શૈક્ષણિક પરિણામો અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ

શૈક્ષણિક અને સાંસ્કૃતિક - બન્ને મૂલ્યોની મૂલવણી, જેમાં સમાંતર થઈ શકતી હોય એવી બહુ ઓછી સંસ્થાઓ ભારતવર્ષમાં છે. ચિત્ત પ્રસન્ન થઈ બાગ બાગ થઈ જવાય અને બોલી ઉઠાય કે 'હા, અમારી શારદામંદિર એ સંસ્થાઓમાંની એક છે.' શારદામંદિરની સ્થાપનાના દિવસોથી આજ પર્યંત શૈક્ષણિક પરિણામો અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના ક્ષેત્રે ડંકો વગાડનારી આપણી શાળાએ સ્વાતંત્ર્યપૂર્વે દેશ કાજે સંપૂર્ણ સમર્પણની ભાવના કેળવી, તો સ્વાતંત્ર્યોત્તર પ્રવૃત્તિઓમાં અને ભણતરમાં વિકાસોન્મુખ વલણ કેળવ્યું. આવી આપણી શાળામાં વિભાગો અનેક છે જેમાં અંગ્રેજી માધ્યમની મોડર્ન સ્કૂલનું ઉમેરણ થયું છે. ભણતર સાથે ગણતર અને ચારિત્ર્યના ચણતરને મહત્ત્વ આપનાર શારદામંદિર, વિદ્યાર્થીઓની સર્વતોમુખી પ્રતિભા ખીલવતું મંદિર છે. અનેક પ્રવૃત્તિઓ થકી વિદ્યાર્થીઓનાં રસ - રૂચિ અને આવડત અહીં પોષાય છે - ખીલે છે.

# ફોટો વિભાગ – બાલમંદિર



તા.૩-૭-૧૪ના રોજ ગૌરીવ્રત નિમિત્તે જવારાની વાવણી કરવામાં આવી.



તા.૯-૮-૧૪ના રોજ, ભાઈબહેનના પવિત્ર તહેવાર રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતી. સમૂહ વાર્તા દ્વારા તહેવારની સમજ આપવામાં આવી અને બાળકોને તિલક કરી, મોં મીઠું કરીને રાખડી બાધવામાં આવી હતી.





તા.૧૩-૮-૧૪ના રોજ જન્માષ્ટમી પર્વની ઉજવણી કરવામાં આવી. કંસદરબાર, કૃષ્ણજન્મ, મટકીફોડ, નાગદમન, રાસલીલા જેવા પ્રસંગોને વણી લઈ સુંદર કાર્યક્રમ કરવામાં આવ્યો, જેમાં બાળકોએ ઉચિત અભિવ્યક્તિ કરી.





તા.૨૭-૧૨-૧૪ના રોજ બાલમંદિર ખાતે નાતાલ પર્વની ઉજવણી કરવામાં આવી. બાળકોએ સાતાકલોઝ બની બાળકોને ભેટ આપી, આવી નાતાલ, ગીત રજૂ કર્યું. શાળામાં આવેલ લેડી સાંતાક્લોઝે (શ્રીમતી હર્ષાબહેને) બાળકો સાથે મજા કરી ભેટ આપી.

# ફોટો વિભાગ - શિશુમંદિર



ખંજન નિરવસિંહ હાડા, ધો.૬.
બરોડા સ્ટેટ રોલર સ્કેટીંગમાં
દ્વિતીય સ્થાન મેળવ્યું છે.




વ્રજ ધવલભાઈ કાયસ્થ, ધો.૫.
તીર્થ ચેસ કોમ્પિટીશનમાં પ્રથમ
સ્થાન મેળવ્યું છે. (ખેલ મહાકુંભ)



અનુશ્રી દરજી, ધો.૪.
બાસ્કેટબોલમાં દ્વિતીય
સ્થાન મેળવ્યું છે. (ખેલ મહાકુંભ)



બાયસેગ કાર્યક્રમઃ સરકાર દ્વારા પ્રસારિત કાર્યક્રમમાં પ્રાથમિક શાળાના ધો.૭-૮ ના વિદ્યાર્થીઓને પ્રાર્થનાખંડમાં, બીજગણિત વિષે માહિતી આપવામાં આવી રહી છે.



તા.૨૮-૧૧-૧૪ના રોજ યોજાયેલા વિજ્ઞાન મેળામાં વેસ્ટમાંથી બેસ્ટ - બનાવવાની પ્રવૃત્તિ કરવામાં આવી હતી.

# ફોટો વિભાગ - મોડર્ન સ્કૂલ



તીર્થેશ પટેલ, ધો.૮.
CBCA માં U-૧૪ માં ૬ વિકેટ સાથે -મેન ઑફ ધ મેચ-ની પસંદગી પામ્યા.




ઓક્ટોબર ૨૦૧૪ - શાળા સ્વચ્છતા અભિયાન




ધ્રુવરાજ ગોહીલ, ધો.૮.
યુનિવર્સિટી ઑફ વેસ્ટ લંડન તરફથી યોજાયેલ સંગીત હરિફાઈમાં મેળવેલ ડિસ્ટીંક્શન ગ્રેડ.



સલાડ ડેકોરેશન સ્પર્ધા,
તા.૧૭-૧-૧૫







ગરબા મહોત્સવ ૨૦૧૪

# ફોટો વિભાગ – વિનયમંદિર





શચિ પરેશભાઈ ગુર્જર, ધો.૯. લલિતકલામાં શાળા કક્ષાએ પ્રથમ આવ્યાં છે. રવિશંકર રાવળ કલાભવનમાં તેમનાં ચિત્રોનું પ્રદર્શન ત્રણ દિવસ માટે યોજાયું હતું.



ધ્યેય હિરેનકુમાર ત્રિવેદી, ધો.૯.
તબલાવાદનમાં નેશનલ કક્ષાએ
સ્કોલરશીપ મેળવી



અમન નવલભાઈ શાહ, ધો. ૯.
ખેલ મહાકુંભમાં ફૂટબોલ ખેલાડી તરીકે જિલ્લા કક્ષાએ પસંદગી પામ્યા છે.




નિકેત રસાણિયા, ધો.૧૧.
ગુજરાત રાજ્યની ૧૧૦૦ શાળાઓમાંથી ૭૬૦૦૦ બાળકો વચ્ચે યોજાયેલી સ્વામી વિવેકાનંદ ક્વિઝ કોમ્પિટીશનમાં ગુજરાત રાજ્યમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું છે.

# ફોટો વિભાગ




હર્ષ જોષી, ધો.૬
સીટી લેવલ સ્કેટીંગ મેડલ મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે.



ધ્રુવા ચિરાગભાઈ શાહ, ધો.૧૧ (સામાન્ય પ્રવાહ), બહેનોમાં પ્રથમ, એકલવ્ય એજ્યુકેશન ફાઉન્ડેશન દ્વારા સન્માનિત



પૂર્ણેન્દ્ર ભટ્ટ, ધો.૮
NCC કેમ્પ દરમ્યાન મેડલ મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે.



રંગોળી સ્પર્ધા, તા.૧૭-૧૦-૧૪



તા.૩૦-૧-૧૫ના રોજ, ગાંધી નિર્વાણ દિન નિમિત્તે ચિત્ર સ્પર્ધાનું આયોજન થયું હતું.





વર્ષ ૨૦૧૪-૨૦૧૫ દરમ્યાન CBCA માં પસંદગી પામેલા વિદ્યાર્થીઓ, પોરસ રાવલ અને તીર્થેશ પટેલ, મુંબઈ ઈન્ડિયન્સ ટીમના કોચ જોન્ટી રહોડ્સ સાથે નજરે પડે છે.



તા.૧૪-૬-૧૪ના રોજ, રેલવે દ્વારા આયોજિત U-૧૪ ક્રિકેટ ટુર્નામેન્ટમાં શારદામંદિર સ્કૂલે ભવ્ય પ્રદર્શન કરી વીર શહીદ ભગતસિંહ કપ જીત્યો.

# ફોટો વિભાગ






અદાણી પોર્ટની મુલાકાત દરમ્યાન

ગુજરાત અદાણી ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ સાયન્સીસ તથા જી.કે. જનરલ હોસ્પિટલમાં બાળદિન નિમિત્તે સ્વચ્છતા અભિયાન કાર્યક્રમ યોજાયો હતો. હોસ્પિટલના પ્રાંગણમાં સફાઈ કરવામાં આવી હતી, જેમાં મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓ, મુંદ્રા શૈક્ષણિક પ્રવાસમાં આવેલા શારદામંદિર વિનયમંદિરના વિદ્યાર્થીઓ, હોસ્પિટલ તથા મેડિકલ સ્ટાફ જોડાયો હતો. મેડિકલ કોલેજના ડીન ડો.પ્રમોદકુમારે સફાઈનું મહત્ત્વ સમજાવ્યું હતું. અદાણી શાંતિવિહારના ડો.ચંદ્રકાન્તભાઈ પંડ્યાએ પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. અદાણી હેલ્થકેર સર્વિસના વડા ડો.પંકજભાઈ દોશી, મેડિકલ ડાયરેક્ટર ડો.જ્ઞાનેશ્વર રાવ, મેડિકલ સુપરિટેન્ડન્ટ ડો.નિમિષભાઈ પંડ્યા, સી.ઈ.ઓ. અમિતભાઈ ડોલિયા, નિરંજન એન્જિનીયર, બાળરોગ નિષ્ણાત ડો.હસમુખભાઈ ચૌહાણ વિગેરે જોડાયા હતા.

## ગાંધીજી અને સ્વચ્છતા

એક વાર બિરલા ભવનમાં ગાંધીજીનો વસવાટ હતો. સવારમાં તેઓ સ્નાનની તૈયારીમાં હતા, પણ નાહવાની ઓરડીમાં બિરલાજી સ્નાન કરતા હતા. બિરલાજી સ્નાન કરીને બહાર આવ્યા પછી ગાંધીજી અંદર ગયા. તેમણે અંદર જઈને જોયું તો બિરલાજીના ભીનાં કપડાં પડેલાં હતાં. તે કપડાંને બાજુએ મૂકીને સ્નાન કરવા કરતાં ગાંધીજીએ તે જાતે જ ધોઈ નાખ્યા અને પછી નાહવા બેઠા. બિરલાજીનો નોકર કપડાં લેવા આવે તે પહેલાં તો દ્વાર બંધ થઈ ગયેલું. ગાંધીજીએ પોતાના કપડાં પણ જાતે જ ધોઈ નાખ્યા. એ બધાં કપડાં લઈ તેઓ બહાર આવ્યા અને દોરીએ સૂકવતા હતા, તો બિરલાજી ઉતાવળા ઉતાવળા આવી પહોંચ્યા :

'અરે બાપુ ! બાપુ ! આ શું કરો છો ?' કહી પોતાનાં કપડાં ગાંધીજીના હાથમાંથી ખેંચવા લાગ્યા. કપડાં સૂકવતા સૂકવતા ગાંધીજી બોલ્યા : મેં ધોયાં તેથી બગડી શું ગયું ? અંદર પડેલાં હતાં. તેના પર કોઈનો મેલો પગ પડે તેના કરતાં ધોઈને સ્વચ્છ કર્યાં, એ તો સારું જ થયું ને ?

બાપુ.. બિરલાજી ગણગણ્યા. ગાંધીજી જેવા મહાપુરુષે પોતાના કપડાં ધોયા, તેનો ખેદ અને નાહવાની ઓરડીને તરત સાફ કરવાની બેદરકારી માટે બિરલાજીને પશ્ચાતાપ થવા લાગ્યો. શું બોલવું તે તેમને સમજાયું નહીં. પછી થોડી વારે તેઓ બોલ્યા : આટલો બધો કામનો બોજો હોવા છતાં બાપુ ! તમે એ શા માટે ધોયાં ?

ગાંધીજીએ કહ્યું : જીવનમાં સ્વચ્છતાના કાર્ય સિવાય વળી બીજું મોટું કાર્ય કયું ?

# શ્રદ્ધાંજલિ

## અમને ગુરુ મળ્યા છે ગરવા



*શ્રી સુરેન્દ્રભાઈ શાહ*

શ્રી સુરેન્દ્રભાઈએ ખૂબ લાંબા સમય સુધી આ સંસ્થામાં વિજ્ઞાન શિક્ષક તરીકે અને ખાસ કરીને ફિઝિયોલોજી ઍન્ડ હાઈજીન વિષયને અનુલક્ષીને પોતાની સેવાઓ આપી હતી. તાલીમી શિક્ષક બન્યા પછી તરત જ તેઓ સંસ્થામાં જોડાયા હતા અને નિવૃત્તિ સુધી આ સંસ્થામાં તેમણે કામ કર્યું હતું. તેઓ મૃદુભાષી હતા અને સૌ વિદ્યાર્થીઓના પ્રિય શિક્ષક હતા.

તેઓ કોઈ વિદ્યાર્થીને તુંકારથી ન બોલાવતા. દરેક વિદ્યાર્થીનો સંપૂર્ણ રેકોર્ડ તેઓ જાણે. જેવો વિદ્યાર્થી મળે એટલે પહેલું તો તે કયા વર્ષમાં એસ.એસ.સી. થયો તે કહે. કદાચ તે વિદ્યાર્થીને પણ આ ખબર ન હોય પણ શ્રી સુરેદ્રભાઈની માહિતી ચોક્કસ હોય.

તા.૩૧-૭-૨૦૧૪ના રોજ તેમનું દુ:ખદ અવસાન થયું છે. આ સંસ્થા તેમને ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પે છે.

---



*શ્રીમતી ભાનુબહેન ત્રિવેદી*

આપણી શાળાનાં ભૂતપૂર્વ શિક્ષિકા શ્રીમતી ભાનુબહેન ત્રિવેદીનું તા. ૨૦-૧-૨૦૧૫ના રોજ દુ:ખદ અવસાન થયું. એક સન્નિષ્ઠ અને વિદ્યાર્થીપ્રેમી શિક્ષક તરીકે ભાનુબેન(હવે પછી એમને માત્ર 'બેન' તરીકે ઉલ્લેખીશ) હંમેશાં યાદ રહેશે. આજે શાળાના એ દિવસો યાદ કરીને અનોખું રોમહર્ષણ અનુભવું છું. બેનના કેટલા બધા ગુણો, એમની કેટલી બધી લાક્ષણિકતાઓ પણ યાદ આવે છે. ગુજરાતી એમનો વિષય. એક કવિની એક કવિતા શીખવતી વખતે એ જ કવિની અન્ય કવિતાઓ ટાંકીને એ કવિનું વ્યક્તિત્વ અમારી સમક્ષ તાદૃશ કરતા- સાથે સાથે એ કવિતાનો ભાવ અન્ય કવિની કવિતામાં આવ્યો હોય, તો એની પણ વાત કરતા.

કેટલી બધી અંગત યાદો પણ છે! મારા માતૃભાષાપ્રેમના પાયામાં બેન છે. મારી સાહિત્યપ્રીતિ બેનને આભારી છે. બેનને વિદ્યાર્થીની મૌલિકતા વિકસે એમાં રસ હતો. વિષય ઉપરાંત એ કાર્યમાં તલ્લીનતા, દ્રઢ નિશ્ચય, સમયનો સદ્ઉપયોગ જેવી - જીવનોપયોગી વાતો શીખવતા - જેનું મહત્ત્વ આજે સમજાય છે. એમના પિતા અને ભાઈ વકીલ હોવાથી મારા પપ્પાને એ ઓળખે અને મારાં મમ્મીને પોતાના શાળાના દિવસોથી એ ઓળખે. એ નાતે એમની પાસે શાળા ઉપરાંત અંગત રીતે પણ હું અને મારી બેન પ્રિયા બેનની બહુ નજીક હતા. એમણે મને એક સરસ્વતી મંત્ર શીખવેલો જે આ પ્રમાણે હતો:

*નમસ્યામિ  મહાદેવિમ સાક્ષાત દેવીમ સરસ્વતીમ*
*વાગ્દેવ્તામનાદ્યન્તામ ઈશ્વરિમ બ્રહ્મચારીણીમ*
*નમસ્યે જગતામ યોનીમ યોગીનીમ પરમામ કલામ*
*હિરણ્યગર્ભ મહિષીમ ત્રિનેત્રામ ચન્દ્રશેખરામ*
*નમસ્યે પરમાનન્દામ ચિત્કલામ બ્રહ્મરૂપીણીમ*
*પાહિ માં પરમેશાની ભીતમ શરણં આગત:*

અમારા સંગીતનાં આલબમ્સમાં બેનને યાદ કરીને સૌ પ્રથમ એ શ્લોક પ્રાર્થના તરીકે લીધો છે.

અંગત જીવન અત્યંત સંઘર્ષપૂર્ણ હોવા છતાં બેનના ચહેરા પર હંમેશા હાસ્ય હોય. બેનનું એ સ્મિત કવિ રાજેન્દ્ર શુકલની આ પંક્તિ યાદ કરાવે છે-

*આ ફીણ તરંગોનાં છે શીખ સમંદરની,*
*રેતાળ કિનારા પર હેતાળ હસી જઈએ.*

બેન જેવાં ગુરુ માટે આપણા કવિ મનુભાઈ ત્રિવેદી 'સરોદ'ના ભજનની પંક્તિઓ યાદ સહર્ષ યાદ કરું છું-

*અમને ગુરુ મળ્યા છે ગરવા*
*એના શબદ ગયા સોંસરવા.*
*અંબરથીય અતિ અતિ ઊંચે બાંધ્યા ચિત્ત ચંદરવા*
*મન માંડવડે ઝળહળ જ્યોતિ,*
*જળી રહી તમ હરવા*
*એના શબદ ગયા સોંસરવા.*

શારદામંદિર શાળા આવા શિક્ષકો થકી ઉજળી છે, રહેશે. આપણને બેન જેવા શિક્ષકો પાસે શારદામંદિરમાં શીખવા મળ્યું, તે આપણું સદ્નસીબ.

*અમર ભટ્ટ*

---

*આભાર:*
*'શારદ'ના આ અંકમાં સહયોગ આપવા બદલ આભાર:*
*સુધાબહેન ભટ્ટ, દિપાલી વસા, અમર ભટ્ટ, જિતેશ ધૂળધોયા, રૂપલ મહેતા.*

*પ્રકાશક: શારદામંદિર ટ્રસ્ટ, નવા શારદામંદિર રોડ, અમદાવાદ-૩૮૦૦૦૭.*
*ફોન: +91-79-26600242; ઈમેલ: shardamandir1924@gmail.com*
*વેબસાઈટ: www.sharadamandir.com*
*'શારદ'નો આ (રંગીન) અંક શાળાની વેબસાઇટ ઉપર ઉપલબ્ધ છે.*



તા.૧૭-૮-૧૪ના રોજ જન્માષ્ટમી પર્વની ઉજવણી કરવામાં આવી. કંસનો દરબાર, કૃષ્ણજન્મ, મટકીફોડ, નાગદમન, રાસલીલા જેવા પ્રસંગોને વણી લઈ સુંદર કાર્યક્રમ કરવામાં આવ્યો, જેમાં બાળકોએ ઉચિત અભિવ્યક્તિ કરી.



ગરબા મહોત્સવ ૨૦૧૪



ગુજરાત રાજ્યમાં માત્ર શારદામંદિરમાં જ જુનિયર ડિવિઝન NCC Navy ચાલે છે, તે તાલીમ વર્ગની તસવીર.



તા.૨૮-૧-૧૪ના રોજ યોજાયેલા વિજ્ઞાન મેળામાં વેસ્ટમાંથી બેસ્ટ બનાવવાની પ્રવૃત્તિ કરવામાં આવી હતી.



૩૦ જાન્યુઆરી 'ગાંધી નિર્વાણ દિન' નિમિત્તે
શાળામાં સફાઈ ઝુંબેશ અને સ્વચ્છતા અંગે શપથનો સમારોહ


પ્રકાશક
**શારદામંદિર**
નવા શારદામંદિર રોડ
અમદાવાદ-૩૮૦૦૦૭
ફોન :+91-79-26600242
shardamandir1924gmail.com
www.sharadamandir.com